# પૂ. લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૮, તાઃ-૨૮-૮-૮૭, ગાથા નં : - ૧૧ તથા શ્લોક-૩૭. રાજકોટ મંદિર પર્વાધિરાજ દસ લક્ષણ પર્વ.

આજથી આપણા દસ લક્ષણ પર્વના મહાપર્વાધિરાજના દિવસની શરૂઆત થાય છે. પર્વાધિરાજ એટલે કે શુધ્ધાત્માની આરાધનાનું સ્વરૂપ શું એનું ચિંતવન અને જ્ઞાન કરવું અને તેના અનુભવનો પ્રયત્ન કરવો તેને આરાધના કહેવામાં આવે છે. તો આજે દસ લક્ષણ ધર્મનો પહેલો દિવસ છે. આજથી દસ લક્ષણ પર્વ શરૂ થાય છે.

પહેલો દિવસ ઉત્તમક્ષમાનો છે. ચારિત્રદશામાં વર્તતા મુનિઓને ઉત્તમક્ષમા આદિ દસ પ્રકારના ધર્મો હોય છે. એ ઉત્તમક્ષમા વગેરેથી જ ચારિત્રદશા હોય છે. એ ચારિત્ર મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે ચારિત્રનું કારણ છે. સમ્યગ્દર્શન, જ્ઞાનને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચાર છે. કેમકે જેને સમ્યગ્દર્શન, જ્ઞાન થયા હોય તેને સમ્યક્ચારિત્ર અલ્પકાળે અવશ્ય પ્રગટે છે, માટે તેને ઉપચાર સંભવી શકે છે. તેથી સમ્યગ્દર્શન થતાં જ મોક્ષમાર્ગ કહી દીધો. પણ મોક્ષ માટે સાક્ષાત કારણ તો વીતરાગી ચારિત્રદશા છે. તે ચારિત્રદશાના ઉત્તમક્ષમા વગેરે દસ પ્રકાર છે. તે દસ પ્રકાર ચારિત્રના જ ભેદ છે.

એ ઉત્તમક્ષમા વગેરે દસ પ્રકારના ધર્મની આરાધનાનું પર્વ આજથી શરૂ થાય છે. પહેલું ઉત્તમક્ષમા છે શબ્દ. દસ લક્ષણ પર્વ એટલે મોક્ષની આરાધનાનો મહોત્સવ. ઉત્તમક્ષમાની વ્યાખ્યા. વ્યાખ્યાનો બહુ સરસ ઉચ્ચારમાં આવી ગયેલાં છે.

આજનો દિવસ ઉત્તમક્ષમાનો ગણાય છે. સમ્યગ્દર્શન વગર ઉત્તમક્ષમા હોય જ નહીં. લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે. તીવ્ર ક્રોધના પરિણામ હોય તેને પાપના પરિણામ કહેવાય. એ ક્રોધની મંદતાને, કષાયની મંદતાને શુભભાવ કહેવાય, તે ઉત્તમક્ષમા નથી. ઉત્તમક્ષમા તો મુનિઓને હોય છે ઉત્કૃષ્ટ, જઘન્ય ચોથે-પાંચમે હોય છે. પરંતુ લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે. મને માફ કરજો કાંઈ મારાથી બોલ્યું ચાલ્યું બાર મહિનામાં હોય તો હું ખમાવું છું, ક્ષમાપના (કરું છું) ખમાવું છું. તો સામા જીવો પણ ક્ષમાપના કરે છે. એ પ્રકારે કષાયના જે શલ્ય હોય છે એ શલ્ય નીકળી જાય છે. એટલા પ્રકારનો એને કષાયની મંદતાનું કારણ થાય છે, શુભભાવ છે. એ ઉત્તમક્ષમા નથી. એમાં અજ્ઞાની જીવને કર્તાબુધ્ધિ રહી જાય છે. ઉત્તમક્ષમામાં એ ભાવ આવે પણ એમાં એને કર્તાબુધ્ધિ હોતી નથી.

અહીં ઉત્તમક્ષમા એમ કહ્યું. ઉત્તમક્ષમા એટલે? ... પાસે આવે. જ્ઞાનીને પણ એ પ્રકારે-માફ કરજો મને, પર્યાયથી મન-વચન કોઈનું દુભાઈ ગયું હોય તો મને ક્ષમા કરશો. એમ જ્ઞાનીઓને પણ એ પ્રકારનો

શુભભાવ હોય પણ એ શુભભાવના એ સ્વામી નથી. એટલે એને વીતરાગીક્ષમા અંદરમાં પ્રગટેલી હોય છે. નિશ્ચયથી પોતાનો આત્મસ્વભાવ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે. આહાહા! ત્રણેકાળ એ તો જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક રહ્યો છે. એ કષાયની તીવ્રતારૂપે પર્યાયમાં પ્રગટ થતો ભાવ હોય કે મંદતા હોય. તોપણ ભગવાનઆત્મા તો ત્રણેકાળ શુધ્ધ નિર્મળાનંદ રહેલો છે. પર્યાયની મલિનતાથી ભગવાનઆત્મા મલિન થતો નથી. આહાહા!

એ આત્મસ્વભાવ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે. તેની ઓળખાણ અને બહુમાન કરવું. તથા રાગ-દ્વેષ, ક્રોધાદિની રુચિ છોડવી. જુઓ! રાગ-દ્વેષ છોડવા એમ ન લખતાં રાગ-દ્વેષની રુચિ પહેલાં છૂટે છે. રાગ-દ્વેષ છૂટતાં વાર લાગે છે. રાગ-દ્વેષની રુચિ છોડવી આત્મ અનુભવપૂર્વક તેનું નામ સમ્યગ્દર્શન છે અને રાગ-દ્વેષ છૂટી જવા તેનું નામ ચારિત્રદશા છે. તો પ્રથમ ચોથા ગુણસ્થાને રાગ-દ્વેષ છૂટતાં નથી પણ તેની રુચિ છૂટે છે, મહિમા છૂટે છે. એનાથી, શુભરાગથી મને લાભ થાય છે એવી મિથ્યામાન્યતા છૂટી જાય છે. રાગ છૂટતો નથી. શુભરાગ તો હોય પણ શુભરાગ મારો છે એવી મમતા છૂટી જવી તેને રાગની રુચિ છૂટી કહેવામાં આવે છે. રાગ રહી જાય અને મમતા છૂટી જાય. મોહ જાય અને રાગ રહી જાય. મોહ શ્રધ્ધાનો દોષ છે અને રાગ ચારિત્રનો દોષ છે.

રાગ-દ્વેષ, ક્રોધાદિની રુચિ છોડવી. જુઓ! શબ્દ વાપર્યો છે રુચિ. તે જ ઉત્તમક્ષમાની સાચી આરાધના છે. આત્મસ્વભાવનો અનાદર કરીને, આહા! વિરાધના કરીને, અનાદર કરીને પુણ્ય-પાપની રુચિ કરવી તે જ ક્રોધ છે. પુણ્ય-પાપની રુચિ કરવી અને આત્માની અરુચિ કરવી. આત્માની અરુચિ (હોય) ત્યારે શુભરાગની રુચિ થાય. આત્માની અરુચિ ન હોય અને રુચિ હોય તો શુભભાવ હોય પણ શુભભાવની રુચિ ન થાય. શું કહ્યું?

આ ભગવાનઆત્માની જ્યારે રુચિ થાય છે એટલે પ્રતીતિ અનુભવપૂર્વક સમ્યગ્દર્શન થાય છે ત્યારે શુભભાવ સાધકને આવે છે હેયબુધ્ધિએ. પણ તેમાં તેની રુચિ, પ્રીતિ નથી. પ્રીતિ તો ભગવાનઆત્મામાં સ્થાપી છે. અને અજ્ઞાનીને આત્માની અરુચિ છે અને પરની રુચિ છે તેથી તેને અનંતસંસારનું કારણ થાય છે. રાગ અનંતસંસારનું કારણ નથી પણ રાગની રુચિ અનંતસંસારનું કારણ થાય છે. પહેલાં રાગની રુચિ છૂટે છે પછી રાગ ક્રમે ક્રમે મોડો છૂટે છે. પણ એ તો કેવળી ને શ્રુતકેવળીની સમીપે મોહનો ક્ષય થાય. ભાઈ! અમે ક્ષય જ કહીએ છીએ. અપ્રતિહતભાવે જે ઉપડેલો જીવ છે તેને ફરી મોહનો અંકુર ઉત્પન્ન થતો નથી. એવો મોહ અમે ક્ષય કર્યો છે. પાંચમા આરાના સંતો કહે છે અને પાંચમા આરાના સમ્યગ્દષ્ટિ પણ પૂર્વે એવા થઈ ગયા છે. આહાહા!

કહે છે કે આત્મસ્વભાવનો અનાદર કરીને, જુઓ! આત્માની અરુચિ તેનું નામ ક્રોધ. પુણ્ય-પાપની રુચિ કરવી તે જ ક્રોધ છે. અને આત્મસ્વભાવના આદર વડે, આહા! આત્મસ્વભાવના અનુભવ

વડે, એના મહિમા વડે, એના પ્રત્યક્ષ અનુભવ વડે, પુણ્ય-પાપની રુચિ છોડી દેવી તે જ ઉત્તમક્ષમા છે. આહા! આત્માની રુચિ વિના પુણ્ય-પાપની રુચિ ત્રણકાળમાં છૂટે નહીં.

આત્માની રુચિ એટલે અનુભવપૂર્વક આત્મા જેવો છે તેવી પ્રતીતિ કરવી તેને નિશ્ચયરુચિ કહેવામાં આવે છે. વિકલ્પાત્મક વ્યવહારરુચિ તો અનંતવાર કરી, તેથી શું? એ તો પક્ષ છે. અને આત્મસ્વભાવના આદર વડે પુણ્ય-પાપની રુચિ છોડી દેવી તે ઉત્તમક્ષમા છે. વીતરાગી ક્ષમા.

પર્વ કોનું? મથાળું છે. દસ દિવસોને પર્વ કહેવું તે તો ઉપચાર છે. આત્માના સ્વભાવની ઓળખાણ પૂર્વક ચારિત્રધર્મની દસ પ્રકારે આરાધના કરવી તે જ સાધક જીવનું સાચું પર્વ છે. પર્વ એ તો નિર્મળ પર્યાયનું નામ પર્વ છે. પર્વ છે એ ચારિત્રગુણની વીતરાગી પર્યાય એનું નામ પર્વ છે. બહારનું પર્વ નહીં. એ પર્યાયનો અંદરનો સ્વકાળ છે. પર્વ એટલે આરાધના. આત્માની આરાધના તે આરાધનાનો આરોપ કરીને અમુક દિવસને પણ 'પર્વ' કહેવું તે વ્યવહાર છે. પણ જે આત્મા પોતાના આરાધકભાવો પ્રગટ કરે તેને માટે દિવસને વ્યવહારથી પર્વ કહેવાય.

શુદ્ધાત્માની આરાધના જે દિવસે કરી હોય તે દિવસે નિશ્ચય આરાધના તો પર્વ તો પરિણતિ છે. પણ જે દિવસે પરિણતિ પ્રગટ થઈ હિતકારી, તે દિવસને પણ ઉપચારથી પર્વ કહેવામાં આવે છે. પણ જેને આત્માનું ભાન નથી તેને પોતામાં જ પર્વ નથી. પોતામાં પર્વ નથી એટલે દિવસમાં પણ ઉપચાર લાગુ પડતો નથી. તો દિવસમાં પણ ઉપચાર કોનો કરવો? આ રીતે આજના પ્રથમ દિવસે ઉત્તમક્ષમાનો દિવસ છે. એટલે આત્માની રુચિ કરી, તેનો અનુભવ કરી અને આંશિક ઉત્તમક્ષમા પ્રગટ કરવી તે જીવનું કર્તવ્ય છે. હવે એ સમ્યગ્દર્શનપૂર્વક જ આ ચારિત્ર થાય છે. તો સમ્યગ્દર્શન પ્રગટ કેમ થાય તેની એક ગાથા સમયસાર શાસ્ત્ર ગાથા ૧૧ તેનું અધ્યયન સ્વાધ્યાય કરવાનો વિચાર છે. (ભાઈ શાસ્ત્ર લાવો.) તેનો પ્રથમ પૂર્વરંગ જીવ નામનો અધિકાર છે. એની ગાથા ૧૧. ૧૧ ગાથાનું મથાળું છે. આ ગાથામાં આચાર્યભગવાન શું કહેવા માગે છે એનો ઈશારો મથાળામાં મુકયો છે.

**હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે-પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો.** વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી. એ ત્યાજય છે, ગ્રાહ્ય નથી. એમ આપે કહ્યું હતું. **પણ** શિષ્યનો પ્રશ્ન છે, **પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?** એમ શિષ્યનો પ્રશ્ન છે. વ્યવહાર પરમાર્થને કહેનારો છે તો એ વ્યવહાર પણ પૂજય ગણાય, આદર કરવા યોગ્ય ગણાય. એ વ્યવહારને પણ આત્માપણે શ્રદ્ધાય. જ્ઞાન તે આત્મા. એમ અભેદમાં ભેદ કરીને-જે અભેદ શુદ્ધાત્માને જાણતો નથી, સમજતો નથી એવા જીવોને સમજાવવા માટે અભેદમાં ભેદ કરી અને વ્યવહાર દ્વારા પરમાર્થનું કથન કરવામાં આવે છે.

જાણે તે આત્મા, દેખે તે આત્મા, એનામાં જ્ઞાન હોય તે આત્મા. પરંતુ તે જ્ઞાન તે આત્મા નથી.

જાણે છે તે આત્મા નથી, દેખે છે તે આત્મા નથી. જાણે છે તે આત્મા નથી તેમાં જણાય છે તે આત્મા છે. આહાહા! કહે છે કે એ પર્યાયના ભેદથી દ્રવ્યને સમજાવે ઉપયોગલક્ષણથી, અને કોઈ વખતે જ્ઞાનગુણના ભેદથી પણ અભેદ સામાન્યને સમજાવે. સહજ જ્ઞાન, દર્શન એ આત્માનું લક્ષણ છે, એમ પણ કહે. સ્વભાવ અને સ્વભાવવાન અભેદ હોવા છતાં પણ ભેદ કરીને સમજાવે કે પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ છે તે આત્મા છે, એમ સમજાવે. પાંચ ભાવમાંથી એક ભાવ દ્વારા અથવા ઉપયોગલક્ષણ છે એમ સમજાવે. પણ એ વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં એ વ્યવહાર પોતે નિશ્ચય થઈ શકતો નથી. એ વ્યવહાર પોતે આત્મા ન થાય. જ્ઞાન આત્મા ન થાય. ઉપયોગ એક સમયની પર્યાય લક્ષણ છે પણ એ આત્મા ન થઈ જાય. આહાહા!

માટે શિષ્યનો પ્રશ્ન છે કે જો વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક હોય તો એવો વ્યવહાર શા માટે આશ્રય કરવાયોગ્ય નથી. એમ સ્થૂળ અપેક્ષાએ તો મનુષ્યને જીવ કહે, દેવને જીવ કહે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે બધા ભેદો. તો કહે છે કે મનુષ્યને જીવ કહ્યો તે ઉપચારનું કથન છે. ખરેખર મનુષ્ય તે જીવ નથી. એ કથનમાત્ર છે. એવો શબ્દ છે. એ કથનમાત્ર કહેવામાં આવે છે. ખરેખર મનુષ્ય તે જીવ નથી. એમ જ્ઞાન તે જીવ કથનમાત્ર છે. જ્ઞાન તે જીવ નથી. આહાહા! ૧૧મી ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે. એમ ગુરુદેવ વારંવાર આપણને ફરમાવતા હતા. એ વાત યથાર્થ છે. **એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?** તો તેના ઉત્તરરૂપ ગાથા આવી.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ।।**
**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત શુધ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્દષ્ટ નિશ્ચય હોય છે. ૧૧.**

અથવા તો કોઈ દેવ આવીને .......... મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા. સાક્ષાત સીમંધરભગવાન આમ પૂર્વ દિશાના ખૂણામાં, ઈશાન ખૂણામાં છે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં. ત્યાં ભગવાન અત્યારે તેમની સાક્ષાત દિવ્યધ્વનિ ખરે છે અને ત્યાં તે પધાર્યા હતા, ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાં સાક્ષાત એ વખતે બે હજાર વર્ષ પહેલાં અને એ જીવો પણ અહીંયા આવેલા છે. નજરે જોયેલી આ વાત છે. આ કાંઈ કલ્પિત નથી. ત્યાં રહ્યા, ત્યાં વાણી ખરી. એ જિનેન્દ્રભગવાનની વાણી દ્વિનયાશ્રિત છે. કથનની પધ્ધતિ મુખ્ય-ગૌણ કરીને કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતાથી વાત કરે, કોઈ વખતે વ્યવહારની મુખ્યતાથી વાત કરે. પણ તમે જાવ... 'વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે' અમે કહેલો વ્યવહાર અભૂતાર્થ છે. શુધ્ધનય ભૂતાર્થ છે. આહા! દાંડી પીટીને તમે કહેજો અને તમારા પછી બે હજાર વર્ષે એક રાજકુમાર (પૂ. ગુરુદેવશ્રી.) અહીંયા બેઠા છે એ પણ તમારા શાસનની પ્રભાવના કરશે. એ પણ વ્યવહાર અભૂતાર્થ

કહેવાના છે. જેમાં કેટલાક જીવો પામશે અને કેટલાક રહી જશે. આહાહા!

કે વ્યવહારને અસત્યાર્થ અને અભૂતાર્થ..! ભાઈ! ધ્યાન દઈને સાંભળ! જ્ઞાનીની વાત તું ન માન તો ક્ષમ્ય છે પણ જે કહેવા માગે છે એને ધ્યાન દઈને તો સાંભળ! કે આત્મામાં રાગ નથી એમ જયારે જ્ઞાની કહે અથવા શાસ્ત્ર કહે ત્યારે સાંભળ તો ખરો! કે આત્મામાં રાગ નથી એમ કહેવા માગે છે. પર્યાયમાં રાગ નથી એમ કોણ કહે છે? પણ તું સમજતો નથી, ધ્યાન દઈને સાંભળતો નથી. કે આ પુણ્યને ઉડાડે છે. શુભભાવ તો આત્મામાં થતો જ નથી. આહાહા! પણ ભાઈ! આત્મા જયાં વાત કરે છે, જ્ઞાયકભાવ. એ જ્ઞાયકભાવમાં રાગનો ત્રણેકાળ અભાવ છે. આહાહા! મલિનભાવ એ પવિત્ર પરમાત્મામાં એક સમય માત્ર પ્રવેશી શકતો નથી.

એવો ચિદાનંદ ભગવાનઆત્મા (એને) ભૂતાર્થનયના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ ગાથા મૂળ છે ગાથા. વ્યવહારના પક્ષવાળાને કદાચ કઠીન પડે તો સંતો કહે છે કે ક્ષમા કરજો અમને. અમારી પાસે બીજી કાંઈ આશા રાખતા નહીં અને અમે વ્યવહારનો નિષેધ કરીએ છીએ એમાં તારો નિષેધ કયાં આવ્યો? કેમકે તું તો એવો છો નહીં. જો તું એવો રાગી થઈ ગયો હો અને અમે નિષેધ કરીએ તો તો તને દુઃખ થાય. પણ તું તો એવો છો નહીં. તું તો જ્ઞાનાનંદ પરમાત્મા. આહા! અત્યારે બિરાજમાન છો. અમે તો તને ભગવાન જોઈએ છીએ. સ્ત્રી છો, પુરુષ છો એમ અમે જોતા નથી. અમે અત્યારે તારા આત્માને, અમારા આત્માને ભગવાનપણે અમે જોયો છે એટલે સર્વ આત્માઓ અમને ભગવાનપણે જણાય છે. તો વ્યવહારનો નિષેધ કરીએ એમાં તારો નિષેધ કયાં આવ્યો?

આ ગુરુદેવના વચનો છે. આ વાત ગુરુદેવે કહેલી છે. માફ કરજે અમને, ક્ષમા કરજે ભાઈ! અમારી પાસે હવે બીજી આશા રાખીશમાં. એ બીજી દુકાનો ઘણી છે વ્યવહારના ઉપદેશની. આહાહા! એ દુકાને તારે વ્યવહાર જોઈતો હોય તો એ દુકાને ઠેક-ઠેકાણે આંખ મીંચીને જયાં જઈશ ત્યાં એવો ઉપદેશ મળશે. પણ નિશ્ચયનો ઉપદેશ તો વિરલ, શુધ્ધનયનો ઉપદેશ વિરલ. કયાંક કયાંક હોય છે, પ્રભુ! આહાહા!

સાંભળ! તે રાગને આત્મામાં સ્થાપ્યો છે અને રાગી આત્મા છે એમ શ્રધ્ધામાં રાખ્યું છે (એ તારી) શ્રધ્ધા મિથ્યા છે. વ્યવહારનય મિથ્યા ઉપદેશ આપે છે. આત્મા રાગી છે અને આત્મા દુઃખને ભોગવે છે એ વ્યવહારનયનો ઉપદેશ મિથ્યા ઉપદેશ આપવાવાળી વ્યવહાર(નય) છે. અને તેથી મિથ્યા છે. અને તેના ઉપર દૃષ્ટિ રાખનાર જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

અરે! આત્મા અશુધ્ધ નથી? તો આ ચાર ગતિ..? પણ તું સમજયો નહીં. આહાહા! એ અશુધ્ધતા બીજાની છે ને શુધ્ધતા જીવની છે. એ શુધ્ધ આત્મામાં અશુધ્ધ આત્માનો અભાવ છે. મલિનતાની, આસ્રવની તેમાં નાસ્તિ છે. આહાહા! કહે છે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા એ બે વડે એક પદાર્થની સિધ્ધિ થાય છે. એક જ્ઞાયકભાવમાં પ્રમત-અપ્રમત નથી. ભાઈ! પ્રમત-અપ્રમત એ

પર્યાયના ધર્મો છે. એ જીવ સામાન્યના ધર્મો નથી. ધર્મી જુદો છે. ધર્મીને તેં જાણ્યો નથી. કેમકે તેં રાગ રહિત આત્મા જોયો નથી ને એટલે એને પ્રતીતમાં આવતો નથી. રાગ સહિત જોયો છે અનંતકાળથી. પણ આત્મા રાગ રહિત છે એને અંતરદષ્ટિથી તેં નિહાળ્યો નથી એટલે તેને તે બેસતું નથી. અને બેસતું નથી અને ગોઠતું પણ નથી.

અહીંયા આચાર્ય ભગવાન કરુણા કરીને કહે છે, જુઓ! ગાથાનો અર્થ. **વ્યવહારનય અભૂતાર્થ છે.** આહાહા! હજી અર્થ કરશે બધા નીચે, એમાં ટીકામાં. **અને શુધ્ધનય ભૂતાર્થ છે.** બે વાત કરી. **વ્યવહારનય અભૂતાર્થ છે અને શુધ્ધનય ભૂતાર્થ છે.** એમ? કોણે કહ્યું છે? આહાહા! આ લખનાર કુંદકુંદભગવાન છે. એમ કહ્યું કે આ વાત અમને મળી છે એ સીમંધર ભગવાને કરેલી વાત હું આ લખું છું. ઋષીશ્વરે દર્શાવ્યું છે. ઋષિના ઈશ્વર. આહા! અરિહંત પરમાત્મા ત્રણલોકનો નાથ બિરાજે છે. એમની પાસે અમે ગયા હતા અને આ વાણી આવી છે. વાણી આવવાનું કારણ કે એવા લાયક જીવો જયારે ભરતક્ષેત્રમાં સમ્યગ્દર્શનની પ્રગટતાવાળા થવાના હતા એટલે આ વાણી લખાય ગઈ છે. શાસ્ત્ર એને નિમિત્ત થાય છે. યોગ્યજીવને એ (શાસ્ત્ર) નિમિત્ત થાય છે. ઉપાદાનની તૈયારીવાળાને આ કુંદકુંદભગવાનની વાણી નિમિત્ત થાય છે. ઘણાને નિમિત્ત થઈ છે.

અત્યાર સુધીમાં શ્રીમદ્ રાજચંદ્રજી વિગેરે ઘણા થઈ ગયા. ટોડરમલજી સાહેબ, બનારસીદાસ, વગેરે. રાજમલજી એ બધાને આ વાણી નિમિત્ત થઈ અને ગુરુદેવને પણ આ વાણી નિમિત્ત થઈ છે. આહાહા! જે શાસ્ત્રના નિમિત્તે સમ્યગ્દર્શન થાય એ શાસ્ત્ર સત્ય છે. એ અહીંથી એનો સત્યનો આરોપ આવે છે. આહાહા! કહે છે, **ઋષીશ્વરોએ દર્શાવ્યું છે,** હો! હું મારા ઘરની વાત કરું છું એમ (નથી કહેતાં.) સર્વજ્ઞ ત્રણલોકના નાથ ભગવાન કહે છે, વ્યવહારનય અભૂતાર્થ છે. શુધ્ધનય એક જ ભૂતાર્થ છે. વ્યવહારનય જૂઠ્ઠી છે. ત્યાં તો ભડકી જાય! અસત્યાર્થ કહે તો ભડકે નહીં. અરે! અસત્યાર્થ કહો કે જૂઠ્ઠી કહો. આ વાત એક જ છે. એક જ વાત છે. ભાવ તો એક જ છે. **ઋષીશ્વરોએ દર્શાવ્યું છે, જે જીવ,** જે જીવ. લ્યો! ***જે જીવ,*** બધાય. જે જીવ, આહા! **જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે,** શુધ્ધાત્માનો, ભૂતાર્થ એટલે શુધ્ધાત્માનો આશ્રય કરે છે, જ્ઞાયકનો આશ્રય કરે છે, જ્ઞાયક ઉપર દષ્ટિ દઈને એનો પ્રત્યક્ષ અનુભવ કરે છે, એ ભૂતાર્થનો, શુધ્ધાત્માનો, જ્ઞાયકનો આશ્રય કરે છે. **તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે**. 'ભવતિ' સમ્યગ્દષ્ટિ થાય છે. ભવતિ શબ્દ છે. છે પણ અર્થ થાય અને થાય છે તેમ પણ અર્થ થાય. તે જીવ નિશ્ચયથી, ખરેખર. નિશ્ચયથી એટલે ખરેખર સમ્યગ્દષ્ટિ થાય છે આત્મા. કોણ સમ્યગ્દષ્ટિ થાય છે? કે વ્યવહારનો પક્ષ છોડી, વ્યવહારનો આશ્રય છોડી શુધ્ધનયના પક્ષમાં આવી શુધ્ધનયથી પણ પક્ષાતિક્રાંત થઈ નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે..

એક બીજી વાત તમે નહોતા, કાલે અહીં એક જાહેરાત થઈ છે. તમે નહોતા અહીં. તમે કહ્યું એનો

વાંધો નથી. આ તો વાત કરું છું. કાલે અહીં એક જાહેરાત થઈ છે એની. કાલ કેટલાક ન હોય. નવા આવ્યા હોય એટલા માટે. સેક્રેટરી સાહેબે જાહેરાત કરી છે કે હમણા દસ દિવસ કોઈએ વચ્ચે બોલવાનું જ નહીં. જેથી કરીને એક ધારા એમકે વ્યાખ્યાનમાં આવે. કાલે તમે નહોતા એટલે કાંઈ વાંધો નહીં. આહા! વાત સાચી છે.

શું કહ્યું? ગેરંટી આપે છે. શું કહ્યું દેવસીભાઈએ? કે ગેરંટી! ભૂતાર્થનો આશ્રય કરે તે સમ્યગ્દષ્ટિ થાય છે? તો કહે હા, થાય છે. આહા! તું ભૂતાર્થનો આશ્રય કર અને (તને) સમ્યગ્દર્શન ન થાય તો મારી પાસે આવજે, લઈ જજે. પણ તારે પાછું આવવું પડશે નહીં. તું તારા શુદ્ધાત્માનું અવલંબન જયારે કરીશ ત્યારે તત્કાળ, તે સમયે તને આનંદની અનુભૂતિ થશે. એ આનંદની અનુભૂતિના મ્હોર છાપવાળું સમ્યગ્દર્શન છે. દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રદ્ધાનનો વિકલ્પ, છ દ્રવ્યના શ્રદ્ધાનનો વિકલ્પ તે સમ્યગ્દર્શન નથી. તેમાં તો આકુળતા છે. આહા! જેમાં દુઃખનું વેદન હોય તે ધર્મ ન હોય. જેમાં આત્મિક સુખનું અંશે પણ વેદન આવે તેને ધર્મદશા કહેવામાં આવે છે. અને પૂર્ણ સુખ થાય તો તો પરમાત્મા થઈ જાય છે.

**સમ્યગ્દષ્ટિ થાય છે.** લ્યો! ગેરંટી આપી. ગેરંટી કેમ આપે છે? કે પોતાને એ પ્રકારે થયું છે. તો જે પોતાને થાય તો બીજાને પણ થાય, થાય ને થાય જ. એ ગેરંટી આપી શકે છે. એક ભવ્યામૃત નામનું પુસ્તક બહાર પડવાનું છે. થોડું બહાર પડી ગયું છે, વિશેષ હવે (બહાર પડશે.) તેમાં તો ત્યાં સુધી કહ્યું- કે આ ભવ્યામૃત પુસ્તકનો જે ભાવથી અધ્યયન કરશે તેને ઓછામાં ઓછા ત્રણ ભવે મોક્ષ થશે અને વધારેમાં વધારે આઠ ભવે મોક્ષ થશે. ગેરંટી આપે છે. ગેરંટી કોણ આપે? અનુભવી પુરુષ જ ગેરંટી આપે (છે.)

અહીંયા કુંદકુંદઆચાર્ય ભગવાન દાંડી પીટીને કહે છે, વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. આહાહા! છોડી દે લક્ષ એનું. લક્ષ છોડી દે. વ્યવહારની રુચિ છોડી દે. પછી વ્યવહાર આવશે તો રુચિ નહીં રહે. રુચિવાળો વ્યવહાર અને રુચિ રહિતનો વ્યવહાર બેયમાં મોટો ફેર છે. વજુભાઈ! આહા! કલકતાથી આવ્યા છે. પણ આવા અનંત અનંતગુણોથી એકપણું જેમાં રહેલું છે તેને એકત્વ કહેવાય. અને વિભકત એટલે આત્માથી જુદું શું છે? કે પ્રમત-અપ્રમતદશા વિભકત છે, ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી. આહા! ક્ષાયિકભાવના સ્થાનો આત્મામાં નથી. સાંભળ જરાક ધીરજથી. તું ધ્યાન દઈને સાંભળ શું વિષય છે, શું કહેવા માગે છે, તારા પક્ષને એક બાજુ જરાક આ લોકઅપ કરીને, ફેંકીને નહીં પછી ફેંકજે જો તને મન થાય તો. બાકી હમણા જરાક.. તારા અભિપ્રાયને લોક કરીને એક નવી વાત સાંભળ! નવી વાત કેમ? કે તેં રુચિપૂર્વક સાંભળી નથી. કામ, ભોગ, બંધનની કથા તેં અનંતવાર સાંભળી. પણ પરથી જુદા એકત્વ-વિભકત આત્માની વાત તેં કદી સાંભળી નથી. સાંભળી તો છે પણ ધ્યાન દઈને સાંભળી

નથી. અને ધ્યાન દઈને સાંભળી હોય તો એણે પ્રયોગ કરીને અપનાવી નથી. આહાહા! ધારણામાં ડિપોઝીટ રાખી તેની કાંઈ કિંમત નથી. જયારે મન થાશે ત્યારે ભૂતાર્થનો આશ્રય કરી લેશું. આપણી પાસે વાત તો આવી ગઈ છે. આહાહા! એમ ન ચાલે. ભૂખ લાગે ત્યારે તો જલ્દી જમવા બેસી જાય છે, કાલે જમશું એમ કોઈ કહે? આહા! એમ કહે છે આચાર્ય મહારાજ, ઉત્તમક્ષમાનો પ્રથમ દિવસ છે. સમ્યગ્દર્શનરૂપી ઉત્તમક્ષમા પ્રથમ પ્રગટ થાય છે. પછી ચારિત્રરૂપી ક્ષમા પ્રગટ થાય છે.

હવે ટીકા :- **વ્યવહારનય,** બધા ખુલાસા આસ્તે આસ્તે આવશે હોં! વ્યવહારનયનો વિષય શું? શા માટે અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એનો વિષય શું? એ બધી વાત આવશે ધીમે ધીમે. અહીં આપણે ઉતાવળ તો નથી. આહાહા! આત્માના આરાધનાના દિવસો છે ને? આહા! વિરાધના ટળે ત્યારે આરાધક દશા થાય. **વ્યવહારનય બધોય,** સઘળોય. આહા! **બધોય અભૂતાર્થ હોવાથી,** એકલો વ્યવહારનયનો જે વિષય અસદ્દભૂત વ્યવહાર છે રાગ, અસદ્દભૂત વ્યવહારનયનો વિષય જે રાગ છે તે અભૂતાર્થ છે અને બીજો વ્યવહાર ભૂતાર્થ છે, એમ છે નહીં.

ચારેય પ્રકારના વ્યવહાર અભૂતાર્થ છે. ચાર પ્રકારમાં શું? કે બુદ્ધિપૂર્વક રાગ અને અબુદ્ધિપૂર્વક રાગ જે થાય છે પર્યાયમાં. જીવમાં તો રાગ ત્રણકાળમાં એક સમય માત્ર થયો નથી. સાંભળ તો ખરો જરાક! આહા! આત્મામાં રાગ ન થાય. પર્યાયમાં થાય પણ એ પરાશ્રિત પર્યાયમાં થાય. સ્વઆશ્રિત પર્યાયમાં રાગ ન થાય. પર્યાયમાં (રાગ) થાય, પણ પરાશ્રિત જો ત્યારે. પર્યાયમાં થાય રાગ પણ પરાશ્રિત પર્યાયમાં થાય. સ્વઆશ્રિત પર્યાયમાં રાગ ન થાય.... એ તો લક્ષણ છે.

**વ્યવહારનય બધોય અભૂતાર્થ છે.** સઘળોય **સર્વમ,** ઉપર છે ને સંસ્કૃતમાં. **સર્વમ, બધોય,** સઘળોય અભૂતાર્થ છે. **અભૂતાર્થ હોવાથી,** અભૂતાર્થ થવાથી નહીં. .... અને સીમંધર ભગવાનની વાણીમાં પણ અભૂતાર્થ વ્યવહાર આવ્યો છે અને અનુભવીને પણ અભૂતાર્થ ભાસે છે. એકલું શાસ્ત્રમાં છે એમ નથી. અનુભવીને પણ અભૂતાર્થ છે. વ્યવહાર હોય. પણ એ વ્યવહારમાં આત્મબુદ્ધિ સાધકને હોતી નથી. **વ્યવહારનય બધોય** સઘળોય **અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે.** એમ લેવું. **અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે.** અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે, એટલે શું? જુઓ! તેનો ખુલાસો ભાવાર્થમાં છે. જુઓ!

**શુદ્ધનયનો વિષય,** અઢી લીટી. બે લીટી પછી અઢી લીટી. અઢી લીટી પછી. **શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે**. પર્યાય નથી શુદ્ધનયનો વિષય... તું આત્મામાં ટકી રહ્યો છો ને? એ તારી ભૂલ છે. પર્યાય છે એ અનાત્મભાવ છે, આત્મભાવ નથી. અનાત્મામાં થાય છે રાગ. આત્મામાં રાગ ન થાય. ચૈતન્યમાં જડનો કોટો ન ફૂટે બાપુ! આહાહા! રાગ એ જડભાવ છે.

**શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે.** જુઓ! હવે આપણો વિષય આવ્યો

**અવિદ્યમાન,** કાલે બહાર નીકળ્યા ત્યારે જગદીશભાઈએ પૂછયું હતું. કે આ અવિદ્યમાનનો અર્થ શું? આ જગદીશભાઈ સામે બેઠા! આપણા ટ્રસ્ટી. એમણે કેટલી ગંભીરતાથી પૂછયું એ તો એ જાણે પણ વાણીમાં એટલું આવ્યું. કે આ અવિદ્યમાનનો અર્થ શું?

**તેની દષ્ટિમાં,** તેની દષ્ટિમાં અભેદ એકાકાર નિત્ય ધ્રુવ પરમાત્માની દષ્ટિ લગાવતાં એને જોતાં એને જોતાં **તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી.** પર્યાય દેખાતી નથી. આહાહા! રાગની પર્યાય દેખાતી નથી અને ગુણસ્થાનના ભેદો કે માર્ગણાસ્થાનના ભેદો પણ દેખાતા નથી. **તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી.** અભેદની દષ્ટિમાં ભેદ દેખાતો નથી. જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુ વડે અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્માને સાધક નિહાળે છે ત્યારે અભેદની દષ્ટિમાં પર્યાયનો ભેદ (દેખાતો નથી.) પર્યાયનો ભેદ પર્યાયમાં ભલે હો પણ મને દષ્ટિગોચર થતો નથી. એ તો લોકાલોક છે. એની કયાં ના છે. આહાહા! મને સ્વદ્રવ્ય દેખાય છે, પર્યાય પરદ્રવ્ય મને દેખાતી નથી. કેમકે પર્યાય દ્રવ્યમાં નથી. પર્યાય પર્યાયમાં હો તો હો પણ પર્યાય દ્રવ્યમાં નથી. તેનું નામ અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. આહા!

નય સપ્તભંગી સુધી જીવ નથી આવતો. પ્રમાણ સપ્તભંગી સુધી આવ્યો અનંતવાર! પરથી જુદો પાડવા માટે પદાર્થની સિદ્ધિ કરી. કે વસ્તુ ગુણપર્યાયવતદ્રવ્યમ્, ગુણ અને પર્યાયના સમુદાયને દ્રવ્ય કહેવામાં આવે. શુધ્ધાશુધ્ધ પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહેવામાં આવે. આહા! એ બધી વાત પ્રમાણજ્ઞાનની છે પણ પ્રમાણજ્ઞાનમાંથી પ્રમાણ પૂજ્ય નથી. કેમકે તેમાં વ્યવહારનો નિષેધ થતો નથી. નિશ્ચયનય પૂજ્ય છે કેમકે વ્યવહારનો નિષેધ કરે છે. એ વાત કરે છે કે અભેદ સામાન્ય ઉપર દષ્ટિ દેતાં પર્યાયનો ભેદ તેમાં દેખાતો નથી. કેમકે તેમાં છે નહીં. હોય તો દેખાય ને? ત્યારે પછી શિષ્ય પ્રશ્ન કરે છે કે સાહેબ ચૌદ ગુણસ્થાન તો આત્મામાં છે. એમ શાસ્ત્રમાં લખ્યું છે. ત્યારે જ્ઞાની કહે છે કે સાંભળ જરા! હું જોઈને તને કહું. આત્મામાં ચૌદ ગુણસ્થાન છે કે નહીં? હું જરા જોઈને (તને) કહું. આમ અંદરમાં ડૂબકી મારે છે. ડૂબકી મારીને આવી ને કહે છે. ચૌદ ગુણસ્થાન આત્મામાં નથી. ત્યારે ઓલો શિષ્ય કહે છે કે ચૌદ ગુણસ્થાન આત્મામાં છે એમ મેં વાંચ્યું છે. 'છે' તે વાંચ્યું છે. પણ 'નથી' (એ) તે વાંચ્યું નથી. શું કહ્યું?

આત્મામાં ચૌદ ગુણસ્થાન નથી એ વાત તેં વાંચી નથી. આહાહા! 'છે' તે વ્યવહારનયનું કથન છે 'નથી' તે નિશ્ચયનયનું કથન છે. પ્રભુ! શાંતિથી જરા સાંભળ! ચૌદ ગુણસ્થાનો, પર્યાયના ભેદો પર્યાયમાં ભલે હો પણ અંતરદષ્ટિ વડે જોનારને એ કોઈ ભેદ દેખાતો નથી. કાઢો ૩૭ નંબરનો શ્લોક. જીવ અધિકાર પછીનો અજીવ અધિકાર. પચાસની સંખ્યાનો નંબર દેખાય છે ને? મૂળ ગાથા (૫૦ થી ૫૫) કુંદકુંદ ભગવાનની છે. એના ઉપરની ટીકા છે. તેમાં ગુરુદેવ તેને ૨૯ બોલનો ઉકરડો કહેતાં હતાં. આહા! જેમાં રંગ, રાગ, ભેદનો અભાવ છે. રંગ નથી, રાગ નથી અને ભેદ પણ નથી. ટીકા તો લખી વિસ્તારથી પણ તે ચાર લીટીમાં આખું રહસ્ય-ટીકાનું અને કુંદકુંદ ભગવાનના હૃદયનું રહસ્ય એક

શ્લોકમાં ભરી દીધું.

**જે વર્ણાદિક–**વર્ણ આદિક વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત બધા ભાવો. એમાં છે ટીકામાં. **જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય,** છે ખરા. તે ભાવો છે ખરા પણ તે આત્મામાં નથી. રાગ આત્મામાં નથી, મિથ્યાત્વ આત્મામાં નથી. મિથ્યાત્વ આત્માની બહાર છે. પરાશ્રિત પર્યાયમાં છે. તે આસ્રવ તત્ત્વ છે, એ જીવમાં આસ્રવનો અભાવ છે. ત્યારે જીવની અસ્તિ સિધ્ધ થાય છે. જીવમાં જો આસ્રવ બની જાય તો જીવ આસ્રવ થઈ જાય તો જીવનો નાશ થઈ જાય. એમ તો કોઈ કાળે બનતું નથી.

દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનનો પ્રકાર છે. ચાર પ્રકારના વ્યવહાર અભૂતાર્થ કહ્યા તેમાં તો પર્યાય લીધી પરની વાત તો યાદ કરતા જ નથી. **જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે**. ભિન્ન થશે નહીં. શિષ્યએ પૂછયું હતું કે ચૌદ ગુણસ્થાન તો આત્મામાં છે ને? ઊભો રહે જોઈને કહું. બહાર આવીને કહે ગુણસ્થાન તો આત્મામાં નથી. મેં જોયું આત્મામાં. આત્મામાં મેં જોયું પણ મને કાંઈ ગુણસ્થાન (આત્મામાં) દેખાણા નહીં. ત્યારે ઓલો શિષ્ય કહે છે કે પણ શાસ્ત્રમાં તો છે ને? કે એ વ્યવહારનયનું કથન અભૂતાર્થ છે. આહા! એ વ્યવહારનયના કથનને અભૂતાર્થ કરતાં તને આવડતું નથી ત્યાં સુધી શુધ્ધાત્મા દષ્ટિમાં આવશે નહીં.

**ભિન્ન છે તેથી અંતરદષ્ટિ વડે જોનારને,** આમ (અંદરમાં) ડૂબકી મારીને જોનારને, આમ (બહારમાં) જોતાં તો ચૌદ ગુણસ્થાન છે. **એ બધા દેખાતા નથી.** આહાહા! અનુભવી પુરુષ અંદર લીન થાય છે અને અભેદ સામાન્ય તરફ જાય છે ત્યારે આ ભેદો દેખાતા નથી. ત્યારે શું દેખાય છે? **માત્ર એક સર્વોપરી,** આહાહા! સર્વોત્કૃષ્ટ, **સર્વોપરી તત્ત્વ જ દેખાય છે. કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.** અનુભવના કાળમાં, આ પર્યાયના ભેદો દેખાતા નથી. તેનું નામ સમ્યગ્દર્શન થયું કહેવામાં આવે છે.

જે ગુરુદેવના પરિચિત થયેલાં એની પાસેથી બોધ મેળવેલાં એવા ઘણા વિદ્વાનો છે તેમાંના એક ટોચના વિદ્વાન ભાઈશ્રી યુગલકિશોર-બાબુજી, અમે ત્યાં જયપૂરમાં તેમને વિનંતી કરી, તેમણે અમને હા પાડી અને અહીંયા પધાર્યા છે એટલે સકળ સંઘ વતી હું તેમનું સન્માન કરું છું. અને શબ્દનો તો ભંડોળ, શબ્દનો તો ભંડોળ. જેમ અમૃતચંદ્રઆચાર્ય ભગવાનને કાંઈ શબ્દ ગોતવા ન પડે, એ પ્રવાહ ચાલ્યો જ આવે. એમ તેમને આ શબ્દ ગોતવા ન પડે, ભાવ-ભાવ, ભાવવાળા છે, એકદમ ભાવવાળા છે. એટલે તે રાજકોટના એટલા ભાગ્ય છે. તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ તેમણે હા પાડી. આજે પણ મુસાફરીનો થાક લાગ્યો છે અને તકલીફ છે એટલે અત્યારે પોણો કલાક તમે બધા રાહ જુઓ છો અને બાબુજીનું વ્યાખ્યાન સાંભળવા તમે બધા આવ્યા છો. પણ આજે વ્યાખ્યાન નહીં મળે. કારણ

કે તેમની તબિયત બરાબર નથી. અને તેમની તબિયતની અનુકૂળતા આપણે સાચવવી એ આપણી ફરજ છે. એટલે આજે નહીં પણ કાલે ક્યારે?... કાલે સવારે નવથી પોણા દસ.

અહિંયા આચાર્ય ભગવાન, આહાહા! શું વિષય ચાલે છે? ૩૭ નંબરનો શ્લોક ફરીથી. જરાક ઉતાવળથી લેવાઈ ગયો. ટાઈમ પૂરો થઈ ગયો હતો એટલે. આ સંતોની વાણી એ તીર્થંકરની વાણી છે. તીર્થંકરની વાણીમાં અને સંતોની વાણીમાં તફાવત ન ગણીશ. નહીંતર રહી જાઈશ. એમાં પણ શ્લોક મુક્યો છે અદ્દભૂત!

કે જે આ વર્ણાદિક બધા ભાવો કહ્યા અને મોહ, રાગ, દ્વેષ આદિ બધા ભાવો કહ્યા એ બધા પર્યાયના ધર્મો પર્યાયમાં છે. ભલે હો. એ હો તો હો. આહા! એના હોવાપણે એનો નિષેધ નથી. પણ આત્મામાં એ નથી માટે નિષેધ કરવામાં આવે છે. ધીરજ દઈને ધ્યાનથી સાંભળે તો કામ આવે. કે આ તો પર્યાયને ઉડાડે છે ને રાગને ઉડાડે છે ને ગુણસ્થાન નથી ને. ભાઈ! આહા! તું સાંભળ જરાક! તું માન નહીં તો કાંઈ નહીં પણ ધ્યાન દઈને સાંભળ કે શું કહેવા માગે છે. કહેવાનો આશય શું છે? કે ગુણસ્થાનો આત્મામાં નથી. આહા! ત્યારે આત્મામાં શું છે? જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, સુખ છે. એ કાંઈ આત્મા ગુણ વગરનો ખાલી નથી. પર્યાયથી રહિત છે અને ગુણથી સહિત છે આત્મા.

**જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા,** જે આચાર્ય મહારાજે કહ્યા અને ટીકામાં વિસ્તાર આવ્યો, ઘણો વિસ્તાર આવ્યો. પાંચ ગાથામાં ઘણો વિસ્તાર કર્યો. **તે બધાય,** આહા! આ વ્યવહાર અભૂતાર્થ કેમ છે? કહે છે આત્મામાં નથી. આત્માની બહાર છે. આહા! સ્વચતુષ્ટયમાં નથી. સ્વચતુષ્ટય એટલે દૃષ્ટિનો વિષય તે સ્વચતુષ્ટય અને પ્રમાણનો વિષય સ્વચતુષ્ટય બીજો.

આપણે વાત થઈ હતી સોનગઢમાં. યાદ છે? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એવો જે ૨૫૨ કળશમાં દૃષ્ટિનો વિષય રાજમલજી સાહેબે આપ્યો છે એવી વાત બીજે ક્યાંય નથી. એ દૃષ્ટિનો વિષય સ્વચતુષ્ટય ભગવાન આત્મા તેમાં ગુણસ્થાન નથી તે આત્મા છે.તેના ઉપર દૃષ્ટિ દે. તેના ઉપર દૃષ્ટિ દેતાં આ ભાવો કોઈ દેખાતા નથી. જુઓ! **તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે.** ભિન્ન થશે નહીં. ભેદ દેખાતો નથી. જેને ભેદ દેખાય છે તેને નિર્વિકલ્પ ધ્યાન આવી શકતું નથી. આહા! ઊંચા પ્રકારની વાત છે જરા! પર્વના દિવસો છે ને? સારો ઊંચો માલ. આચાર્ય ભગવાન (આપણને) આપે છે, પીરસે છે. આપણે રુચિનું મોઢું ઉઘાડું રાખવું બાકી કાંઈ બીજું કાંઈ આપણું કામ નથી. મોઢું રુચિનું. આ (જડ) મોઢું નહીં. રુચિનું મોઢું ઉઘાડું રાખવું. કે અભેદ ઉપર દૃષ્ટિ દેતાં ભેદ દેખાતો નથી. જરા ધ્યાન દઈને સાંભળ તો ખરો! કે ભેદને ઉડાડ્યા. ભાઈ! તું ઉડાડ્યા કોને કહેશ? કોણ કોને ઉડાડે? ઉડાડવાની વાત કાંઈ અહીં સ્થાપવાની નથી. અને ઉડાડવાની વાત નથી. એ મારામાં નથી. એટલું તું જાણ ભાઈ! તો તારું હિત થશે.

**તેથી અંતરદૃષ્ટિ વડે જોનારને,** આ શરત એ છે. શાસ્ત્ર ઉપર લક્ષ રાખનારને આત્માનો અનુભવ નહીં થાય. શાસ્ત્રના લક્ષે જે જ્ઞાનનો ઉઘાડ થયો એ પણ અભૂતાર્થ છે. એના લક્ષે અભેદ નહીં દેખાય. એ ચાર પ્રકાર આવશે ત્યારે તેનો વિસ્તાર કરશું. **તેથી અંતરદૃષ્ટિ વડે જોનારને,** .... આહા! હે ભગવાન! મારે આજ તારા દર્શન કરવા છે. મને ટાઈમ આપ ક્યારે દર્શન કરવા આવું? આહા! એ પ્રશ્ન જ નથી. હાજરાહજુર જ્યારે તારી દૃષ્ટિ ફરે અને ઉપયોગ અંદરમાં જાય ત્યારે અનુભવ થાય, થાય ને થાય જ. દેવસીભાઈ કહે ગેરંટી? હા ગેરંટી. **એ બધા દેખાતા નથી.** ત્યારે શું દેખાય છે? પર્યાયના ભેદો દેખાતા નથી તો કાંઈ દેખાય છે કે કાંઈ દેખાતું નથી? દેખતાને શું દેખાય છે? આંધળાને દેખાતું નથી તો દેખતાને શું દેખાય છે? શું કહ્યું? આંધળાને અભેદ દેખાતો નથી. આંધળો કહે છે ને? આ (જડ) આંખની વાત નથી. આંધળાને આત્મા દેખાતો નથી, તો નથી? આહા! ઘુવડને સૂર્ય ન દેખાય, તો (સૂર્ય) નથી? કે છે. એમ આંધળાને આત્મા દેખાતો નથી? દેખતાને દેખાતો નથી? દેખતાને દેખાય છે. દેખતાને દેખાય છે તો શું દેખાય છે?

એનો અર્થ કરે છે કે**, માત્ર,** આહા! ઓન્લી, ફકત. માત્ર એટલે? ઓન્લી, ફકત. **એક સર્વોપરી તત્ત્વ જ,** તત્ત્વો નહીં. એક વચન છે. નવતત્ત્વો નહીં. નવતત્ત્વોના ભેદો તો, બહાર રહી ગયા. **સર્વોપરી તત્ત્વ જ દેખાય છે**. દેખાશે એવું લખ્યું નથી. વર્તમાન, પ્રેઝન્ટ ટેન્સ કહેવાય ને? ઈંગ્લીશમાં. કહેવાય ને? કે દેખાય છે. શું દેખાય છે? **એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે.** કોને? કે તેને દેખે તેને. આહા! આમ (બહાર) જુએ તેને ન દેખાય. **કેવળ,** હવે અર્થ કરે છે. **કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ,** જ્ઞાયક ચિદાનંદ ભગવાનઆત્મા. આહાહા! 'જો ચેદા સો અહં' 'જો ચેદા સો અહં' જે ચેતનારો છે તે હું છું. આહાહા! **એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.** જ કહ્યું. અભેદરૂપ આત્મા જ. કથંચિત આત્મા દેખાય અને કથંચિત ભેદ દેખાય, કથંચિત અભેદ દેખાય અને કથંચિત ભેદ દેખાય, આહાહા! એમ છે નહીં. આહા! તો એકાંત થઈ જશે. તો અમને ઈષ્ટ છે, સમ્યક્ એકાંત થાય છે, સાંભળ! સમ્યક્ એકાંતપૂર્વક સમ્યક્ એનેકાંત થાય થાય ને થાય જ.

卐